પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૨ | ૨ જાન્યુઆરી, ૨૦૨૧, શનિવાર; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# હેપ્પી 'વેક્સિન યર-૨૦૨૧'

## દેશના નાગરિકો માટે સારા સમાચાર : કોવિશિલ્ડને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી



નવી દિલ્હી, તા. ૧

ભારતીયોને નવા વર્ષના પ્રથમ દિવસે જ એક મોટા રાહતના સમાચાર મળ્યા છે. ભારતે કોરોના વાયરસ માટે પ્રથમ વેક્સિનને મંજૂરી આપી દીધી છે. આ સાથે જ ભારત યુકે અને આર્જેન્ટિના બાદ ઓક્સફોર્ડની વેક્સિનને મંજૂરી આપનારો ત્રીજો દેશ બની ગયો છે.

**એક્સપર્ટ પેનલે ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકા દ્વારા તૈયાર કરવામાં આવેલી વેક્સિનને મંજૂરી આપી : યુકે અને આર્જેન્ટિના બાદ ઓક્સફોર્ડની વેક્સિનને મંજૂરી આપનારો ભારત ત્રીજો દેશ બન્યો**

અમેરિકા બાદ ભારત કોવિડ-૧૯થી ખરાબ રીતે અસરગ્રસ્ત બીજો દેશ છે. અમેરિકા બાદ કોરોનાના સૌથી વધુ કેસ ભારતમાં નોંધાયા છે.

મંજૂરી આપી દીધી છે. એક્સપર્ટ પેનલે ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકા દ્વારા તૈયાર કરવામાં આવેલી કોવિશિલ્ડ વેક્સિનને શુક્રવારે ઈમર્જન્સી ઉપયોગ માટેની


● અનુસંધાન પાન-૭ પર

## ફાઈઝરની કોરોના વેક્સીનને ડબલ્યુએચઓએ મંજુરી આપી

**વિશ્વભરમાં ફાઇઝરની કોરોના રસીના ઉપયોગ માટેનો માર્ગ ખુલી ગયો : ગરીબ દેશોમાં રસી ઝડપથી પહોંચાડવા માટે સંસ્થાએ લિસ્ટિંગ પ્રક્રિયા શરૂ કરી, રસીના બે ડોઝ લીધા પછી કોરોનાથી મૃત્યુની સંભાવના ઓછી થાય છે**

જિનેવા,તા.૧

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વાયરસ વેક્સીનને ઈમરજન્સી ઉપયોગની મંજૂરી આપવામાં આવી છે. મંજૂરી બાદ, ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે, તે વિશ્વભરમાં સ્થિત તેની પ્રાદેશિક કચેરીઓ દ્વારા રસીના ફાયદાઓ વિશે ત્યાંના દેશો સાથે વાત કરશે. સંયુક્ત રાષ્ટ્રની આ સંસ્થાની મંજૂરી બાદ વિશ્વભરના દેશોમાં ફાઈઝરની કોરોના રસીના ઉપયોગ માટેનો માર્ગ ખુલી ગયો છે. બીજી તરફ ભારત પણ કોરોના વાયરસ રસીના ઈમરજન્સી ઉપયોગ અંગે મોટો નિર્ણય લેશે. ડબ્લ્યુએચઓ કોરોના રસીને ફાઈઝરની મંજૂરીની સંપૂર્ણ અને વિગતવાર તપાસ પછીથી કરશે. ગરીબ દેશોમાં કોરોના રસી ઝડપથી પહોંચાડવા માટે સંસ્થાએ ઈમરજન્સી યુઝ લિસ્ટિંગ પ્રક્રિયા પણ શરૂ કરી છે. આ લિસ્ટમાં જોડાયા પછી કોઈપણ કોરોના રસી વિશ્વના દેશોમાં ઈમરજન્સી ઉપયોગ માટે સરળતાથી માન્ય કરવામાં આવશે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનની સબજેક્ટ એક્સપર્ટ કમિટી રસી મંજૂરીને લઈને આજે મોટી બેઠક કરશે. આ મિટિંગમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, ફાઈઝર અને ભારત બાયોટેક પ્રા.લિ. લિમિટેડની રસીઓને ઈમરજન્સી ઉપયોગની




અપેક્ષા છે. ડબ્લ્યુએચઓએ ફાઈઝર રસીની સમીક્ષા કર્યા પછી કહ્યું કે, તેનાથી સલામતી અને અસરકારકતાના માપદંડને પૂર્ણ કરવું આવશ્યક છે. આ રસીના બે ડોઝ લીધા પછી, કોરોનાથી મૃત્યુની સંભાવના પણ ઓછી થાય છે. સંગઠને એમ પણ કહ્યું કે, અમે આ રસી વહેલી મંજુરી આપી દીધી છે કારણ કે તેના ડોઝને બધા લોકો સુધી પહોંચવામાં કોઈ વિલંબ ના થાય.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના નવા સ્ટ્રેનના વધુ ચાર દર્દીઓ મળ્યા

નવી દિલ્હી, તા. ૧

ભારતમાં નવા વર્ષમાં પણ કોરોનાનો ફફડાટ ઓછો નથી થયો. કોરોનાના યુકેવાળા વાયરસથી લોકો હજુ પણ થરથર કાંપી રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શુક્રવારે જણાવ્યા મુજબ કોરોનાના નવા સ્ટ્રેનથી સંક્રમિત વધુ ચાર દર્દીઓ મળ્યા છે. આ સાથે જ દેશમાં નવા કોરોના સ્ટ્રેન સાથેના દર્દીઓની સંખ્યા વધીને ૨૯ થઈ છે. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા ૨૦ હજાર કેસો નોંધાયા છે. બીજીતરફ કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓનો આંક વધીને ૨૩ હજાર થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ ૨૪ કલાકમાં ૨૦,૦૩૫ નવા પોઝિટિવ કેસ સેમ આવ્યા હતા જેને પગલે કુલ સંક્રમિતોનો આંક ૧,૦૨,૮૬,૦૦૦થી વધુ થયો છે. કોરોનાથી અત્યાર સુધીમાં કુલ ૯૮.૮૩ લાખ લોકો રિકવર થઈ ગયા છે.

## દેશમાં પ્રથમ તબક્કાના રસીકરણ માટે યાદી તૈયાર : ડૉ. હર્ષવર્ધન

**૨૦૨૧માં કોરોનાના મુકાબલા માટે દેશ સંપૂર્ણ સજ્જ : રાજ્યો પાસેથી માહિતી મગાવાઈ**

નવી દિલ્હી, તા. ૧

દેશમાં રસીકરણની યોજના બનાવામાં આવી રહી છે. તેના માટે રાજ્યો પાસેથી માહિતી માંગવામાં આવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ.હર્ષવર્ધને આજે કહ્યું કે પહેલાં તબક્કામાં વેકસીન આપવાની પૂરી તૈયારી થઈ ચૂકી છે. શરૂઆતમાં જે લોકોને કોરોનાની રસી અપાશે તેની યાદી તૈયાર થઈ ચૂકી છે. સૌથી પહેલાં હેલ્થ અને ફ્રંટલાઈન વર્કર્સ ને રસી અપાશે. ત્યારબાદ ૫૦ વર્ષથી મોટી ઉંમરના લોકોને રસી અપાશે.

સ્વાસ્થ્ય મંત્રીના મતે રાજ્ય સરકારો, જિલ્લા અધિકારીઓ અને બ્લોક લેવલ પર આ સંબંધમાં નિર્દેશ આપી ચૂકયા છે. તમામને ગ્રાઉન્ડ સ્ટાફ, લોજિસ્ટિક્સને રિપેર કરવા માટે કહ્યું છે જેથી કરીને વેકસીનની મંજૂરી મળતા જ રસીકરણ અભિયાન શરૂ થઈ શકે અને તેમાં કોઈ પરેશાની આવે નહીં. કોલ્ડ સ્ટોરેજ સિસ્ટમને રિપેર કરવાની તૈયારી ચાલી રહી છે. સાથો સાથ સિરિંજ અને વીજળી વ્યવસ્થાને શ્રેષ્ઠ કરવા પર જોર આપી રહ્યા છે. જિલ્લાથી બ્લોક લેવલ સુધી તેના માટે તૈયારી કરાય રહી છે. રસીકરણ અભિયાન માટે લોકોને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## બે મુદ્દા પર સમાધાન છતાં ખેડૂતોનું દિલ્હી બોર્ડર પર આંદોલન યથાવત

**કોરોના કાળ અને ઠંડીમાં પણ નવા વર્ષે ખેડૂતો દિલ્હી સરહદે અડગ : અન્ય બે મુદ્દાને લઈને ખેડૂતોના અડગ વલણથી સરકાર મૂંઝવણમાં**

નવી દિલ્હી, તા. ૧

દિલ્હીની સરહદ પર હજારો ખેડૂતો ત્રણ કૃષિ કાયદાને પરત



ખેંચવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ૨૦૨૧ના પ્રથમ દિવસે પણ તેમનું આંદોલન યથાવત્ છે અને ખેડૂતો કડકડી ઠંડીમાં પણ મક્કમ જણાઈ રહ્યા છે. સરકાર સાથે થયેલી તાજેતરની બેઠકમાં ચાર પૈકીના બે મુદાઓ પર સમાધાન સાધવામાં આવ્યું હતું. જો કે ખેડૂતો બીજા બે મુદ્દાઓ પર પણ પીછેહઠ કરવાના મૂડમાં નથી. ખેડૂતો ૨૬ નવેમ્બરથી સિંધુ, ગાઝીપુર અને ટિકરી બોર્ડર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

સંયુક્ત કિસાન મોરચા દ્વારા નવા વર્ષના પ્રથમ દિવસે બેઠક યોજાશે અને તેઓ આગામી રણનીતિ પર ચર્ચા કરશે. વરિષ્ઠ ખેડૂત નેતા ગુરનામ સિંહ ચદૌનીએ જણાવ્યું હતું કે, ખેડૂતો ટેકાના ભાવ પર લીગલ ગેરેન્ટી અને નવા કૃષિ કાયદા પરત ખેંચવાની બે માંગ પર કોઈપણ કાળે પીછેહઠ કરવા તૈયાર નથી. તાજેતરની બેઠકમાં કેન્દ્ર સરકારે બે માંગો કૃષિ કાયદામાં પરાળ બાળવા પર ખેડૂતો સામે ગુનો નોંધવાની જોગવાઈને પડતી મુકવા તેમજ પ્રસ્તાવિત સંશોધિત વિજ કાયદાને સ્થગિત રાખવા તૈયારી દર્શાવી હતી. ખેડૂતો તેમની બીજી બે માંગો પર અડગ છે અને તેનો કોઈ જ વિકલ્પ નથી.

પ્રાપ્ત વિગતો મુજબ ઓલ ઈન્ડિયા કિસાન સંઘર્ષ સમિતિએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે કેન્દ્રની કૃષિ કાયદાને રદ કરવા માટે ખેડૂતો પાસે અન્ય વિકલ્પની અપીલ અસંભવ છે.

## છેલ્લે... છેલ્લે...

- પાટણમાં ઘર પાસે દિવાલ બનાવવાના મામલે અગ્નિસ્નાન કરનાર યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ.
- દિલ્હીના સફદરજંગ વિસ્તારમાં ૧.૧.ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું. ૧૫ વર્ષ બાદ વિક્રમી ઠંડી.
- ચીનમાં કોરોના વાઈરસના નવા સ્ટ્રેઈનનો પ્રથમ કેસ નોંધાયો.
- ગાઢ ધુમ્મસને પગલે ઈસ્ટર્ન પેરીફરેલ એકસપ્રેસ વે પર ૧૮ ગાડીઓ ટકરાઈ
- વિશ્વમાં ૭.૩૨ લાખ કેસ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા.
- અમેરિકામાં એક જ દિવસમાં ૩૪૦૦ નાગરિકો કોરોનાથી મૃત્યુ પામ્યા.
- આણંદમાં ૫૦ લાખની લાંચ લેતા એસીબીની ટ્રેપમાં કોન્સ્ટેબલ પકડાયો.
- ગુજરાત હાઈકોર્ટે વિપુલ ચૌધરીની જામીન અરજી ફગાવી.

## અર્થતંત્ર પાટે ચડ્યું : ડિસેમ્બરમાં જીએસટી કલેક્શન રેકોર્ડબ્રેક રૂ.૧.૧૫ લાખ કરોડને પાર

નવી દિલ્હી, તા. ૧

ભારતમાં જ્યારથી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાગુ કરવામાં આવ્યો ત્યારથી ડિસેમ્બરમાં સૌથી વધુ કલેક્શન થયું છે. ડિસેમ્બરમાં ૧.૧૫ લાખ કરોડ રૂપિયા જીએસટી કલેક્શન થયું છે. જે અત્યાર સુધીનું સૌથી વધારે છે. આ કલેક્શનથી ખ્યાલ આવે છે કે ગત વર્ષે લોકડાઉનના કારણે મંદ પડેલું અર્થતંત્ર હવે ફરીથી પાટા પર ચડી રહ્યું છે. વર્તમાન નાણાકિય વર્ષમાં સળંગ ત્રીજા મહિને જીએસટી કલેક્શન ૧ લાખ કરોડ રૂપિયાનો સાયકોલોજીકલ માર્ક પાર કરી ગયો છે.

નાણા મંત્રાલયે જણાવ્યું છે કે જીએસટીના કલેક્શનમાં વધારો લોકડાઉન બાદ

● અનુસંધાન પાન-૭ પર


સરકાર માન્ય

વાછાણી COVID-19 હોસ્પિટલ

૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ

સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

95123 55568 | 95123 55569

ઉપલબ્ધ સારવાર

૮ બેડનો ICU | ૧૬ બેડનો HDU (High Dependency Unit) | ૨૧ બેડના સામાન્ય વોર્ડ

વેન્ટિલેટર | બાઇપેપ | હિમોડાયાલિસિસ | CT સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી

સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા

નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

ભાવાંજલિ



સ્વ. હરેશભાઈ સુમનલાલ જાની

સ્વ. તા. ૨-૧-૨૦૨૦

जातस्य हि ध्रवो मृत्यु - ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

॥ श्रीमद भगवद गीता २:२७ ॥

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે.
તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.

॥ શ્રીમદ ભગવદ્ ગીતા ૨:૨૭ ॥

ગં. સ્વ. નિશાબેન હરેશભાઈ જાની
વૈભવ હરેશભાઈ જાની
હરિતા વૈભવ જાની
શુભ વૈભવ જાની
તનય વૈભવ જાની